**(૨૦)**

**પ્ર. ૧ (અ) સામાયિક–પ્રતિક્રમણના આધારે (૧૦)**

**(૧) પાઠ પૂર્તિ કરો. (૫)**

૧. અદિટ્ઠહડાએ **દગ સંસટ્ઠહડાએ રય સંસટ્ઠહડાએ પારિસાડણિયાએ પારિટ્ઠાવણિયાએ ઓહાસણ ભિક્ખાએ** જં ઉગ્ગમેણં

૨. દેવસિયં **વઈક્કમં આવસ્સિયાએ પડિક્કમામિ ખમાસમણાણં દેવસિયાએ** આસાયણાએ

**(૨) નીચેના શબ્દોના મૂળ પાઠ લખી ક્યા પાઠમાં આવે છે? તે લખો. (૫)**

| | જવાબ | મૂળ પાઠ |
|---|---|---|
| ૧. આપો | **દિંતુ** | **લોગસ્સ–સામાયિકના પાંચમા પાઠમાં** |
| ૨. ઔષધ | **ઓસહ** | **બારમા–અતિથિ સંવિભાગ વ્રતમાં** |
| ૩. સંયતિ છું | **સંજય** | **પાંચમા શ્રમણસૂત્રમાં** |
| ૪. કપટ | **માયા** | **૧૮ પાપસ્થાનકમાં** |
| ૫. હણવાની બુદ્ધિએ | **હણવા નિમિત્તે** | **પહેલા અણુવ્રતમાં** |

**(આ) બીજા કર્મગ્રંથના આધારે જવાબ લખો. (૧૦)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૫)**

૧. બ્રહ્મલોક દેવલોકમાં સ્ત્રીવેદનો ઉદય હોય? કેવી રીતે? (૨×૨)

**જ. બ્રહ્મલોક દેવલોકમાં સ્ત્રીવેદનો વિપાકોદય ન હોય. તે કર્મ પ્રદેશોદયથી ઉદયમાં આવીને નિર્જરી જાય છે. બ્રહ્મલોક દેવલોકમાં સ્ત્રીવેદનો વિપાકોદય થઈ શકે તેવી યોગ્યતા નથી, તેથી તે કર્મ પ્રદેશોદયથી ભોગવાય.**

૨. વૈક્રિય અષ્ટકમાં કેટલી અને કઈ પ્રકૃતિ હોય તે પ્રકૃતિના નામ લખવા.

**જ. ૮, નરક ગતિ, નરકાનુપૂર્વી, નરક આયુષ્ય, દેવ ગતિ, દેવાનુપૂર્વી, દેવ આયુષ્ય, વૈક્રિય શરીર અને વૈક્રિય અંગોપાંગ.**

૩. મિશ્ર અને પ્રમત્ત સંયતિ ગુણસ્થાને શાતા વેદનીયની ઉદીરણા હોય? (૧)

**જ. મિશ્ર અને પ્રમત્ત સંયતિ ગુણસ્થાને શાતા વેદનીયની ઉદીરણા હોય.**

**(૨) નીચેની પ્રકૃતિનો ઉદય ક્યાં સુધી? ઉદય વિચ્છેદ ક્યારે? (૫)**

| જ. | ઉદય | ઉદય વિચ્છેદ |
|---|---|---|
| ૧. હાસ્ય | **૮ મા ગુણસ્થાન સુધી** | **૮ મા ગુણસ્થાનના છેડે** |
| ૨. કીલકું સંઘયણ | **૭ મા ગુણસ્થાન સુધી** | **૭ મા ગુણસ્થાનના છેડે** |
| ૩. સમકિત મોહનીય | **૪ થી ૭ ગુણસ્થાન સુધી** | **૭ મા ગુણસ્થાનના છેડે** |
| ૪. આહારક શરીર | **૬ ટ્ઠા ગુણસ્થાને** | **૬ ટ્ઠા ગુણસ્થાનના છેડે** |
| ૫. જિનનામ | **૧૩ મા, ૧૪ મા ગુણસ્થાને** | **૧૪ મા ગુણસ્થાનના છેડે** |

**(૫)**

**પ્ર. ૨ આચારાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. અંજૂ ચેયં પડિબુદ્ધજીવી, તમ્હા ન હંતા વિઘાયએ।અણુસંવેયણમપ્પાણેણં, જં હંતવ્વં નાભિપત્થએ।। (૩)

**જ. સરળ અને જાગૃતિપૂર્વક સંયમજીવનનું પાલન કરનાર જ્ઞાની પુરુષ કોઈ જીવની હિંસા કરે નહિ, બીજા પાસે કરાવે નહિ, હિંસા કરનારની અનુમોદના પણ કરે નહિ. કરેલા કર્મના ફળ ભોગવવા જ પડે છે, માટે કોઈપણ જીવની હિંસા કરવાની ઈચ્છા કરવી જોઈએ નહિ.**

૨. આશ્રયનું સ્થાન ક્યું છે? ઉદાહરણ સાથે સમજાવો. (૨)

**જ. આર્ય–તીર્થંકર દ્વારા કહેલો ધર્મ સંસારસમુદ્રને પાર કરનાર માટે આશ્રયનું સ્થાન થાય છે. જેવી રીતે અસંદીન દ્વીપ પાણીમાં નહિ ડૂબેલા યાત્રીઓ માટે આશ્રયનું સ્થાન છે.**

(૧૦)

**પ્ર. ૩ ઠાણાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. વ્યવહાર કોને કહેવાય છે?

**જ. સાધુજીવનની આચાર સંહિતા. ૧) પ્રાયશ્ચિત્તરૂપ વ્યવહાર ૨) સંયમ સંબંધી કર્તવ્ય–અકર્તવ્યરૂપ વ્યવહાર ૩) પ્રવૃત્તિ–નિવૃત્તિના નિર્ણયરૂપ વ્યવહાર ૪) વિવાદાસ્પદ આગમ તત્ત્વોના નિર્ણયરૂપ વ્યવહાર.**

૨. અકસ્માત્ દંડ, સ્વપ્ન દર્શન અને અલંકારિક સભા એટલે શું?

જ. અકસ્માત્ દંડ – **અકસ્માત જીવહિંસા થવી, અન્યને મારવા જાય અને અન્ય મરી જાય.**
સ્વપ્ન દર્શન – **સ્વપ્ન આવવાથી.** અલંકારિક સભા – **શરીર સજાવટ ભવન.**

૩. સૂત્ર શીખવાના કારણ લખો.

**જ. ૧) જ્ઞાનાર્થે ૨) દર્શનાર્થે ૩) ચારિત્રાર્થે ૪) વ્યુદ્ગ્રહ વિમોચનાર્થે–કંકાસના ત્યાગ માટે ૫) યથાર્થ ભાવજ્ઞાર્થે.**

૪. આરાધક અને વિરાધક કોણ થાય છે?

**જ. જ્યારે જ્યાં જે વ્યવહાર હોય તેનાથી નિષ્પક્ષભાવે યથાક્રમે પ્રમુખતા આપીને સમ્યક્ પ્રકારે વ્યવહાર કરે તે પ્રભુની આજ્ઞાના આરાધક થાય છે. પક્ષપાત આદિને આધીન થઈ, યથોચિત્ત ક્રમનું ઉલ્લંઘન કરી, નિર્ણય કરનાર પ્રભુની આજ્ઞાના વિરાધક થાય છે.**

૫. દેવો ક્યાં ઉત્પન્ન થાય છે? સિદ્ધ કોણ થાય છે? સૂત્ર વાંચનાનું પાંચમું કારણ લખો.

**જ. ઉપપાત સભામાં. સર્વાંગથી નીકળે તે જીવ સિદ્ધ થાય છે. ૫) શ્રુતના પઠન–પાઠન દ્વારા શ્રુતજ્ઞાનની પરંપરા ચાલુ રાખવા માટે.**

(૧૦)

**પ્ર. ૪ જ્ઞાતાધર્મકથા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. ધન્ય સાર્થવાહને મધ્યરાત્રિએ શું વિચાર આવ્યો? તેમણે બીજે દિવસે શું કર્યું? (૩×૨)

**જ. ક્રય–વિક્રયની વસ્તુઓ લઈને અહિચ્છત્રા નગરીમાં વેપાર કરવા જવું જોઈએ. તેવો વિચાર કર્યો. આથી બીજે દિવસે તેમણે નારિયેળ, ગોળ ધાન્ય, સોનું, રત્નાદિ અનુક્રમે ગણિમ, ધરિમ પેય અને પરિછેદ્ય આ ચારે પ્રકારનો માલ પાત્રોમાં ભરી ગાડી–ગાડાંઓમાં મૂકાવ્યો અને ચંપાનગરીના સન્માર્ગ અને અન્ય માર્ગોમાં ઘોષણા કરાવી.**

૨. કોણ પૂજનીય બને છે? તેનું ફળ શું છે?

**જ. જે નિર્ગ્રંથ–નિર્ગ્રંથીઓ પ્રવ્રજિત ૫ ઈન્દ્રિયોના વિષયોમાં આસક્ત થતા નથી, અનુરક્ત થતા નથી તે આ ભવમાં પણ ઘણા શ્રમણ–શ્રમણીઓ, શ્રાવક–શ્રાવિકાઓના પૂજનીય બને છે અને પરલોકમાં પણ દુ:ખ પામતા નથી. જેમ નંદીફળને ન ખાનારા પુરુષો અટવી પાર કરી જાય છે તે જ રીતે તેઓ અનુક્રમથી સંસાર અટવીને પાર કરી જાય છે અર્થાત્ સિદ્ધિ પ્રાપ્ત કરે છે.**

૩. ધન્ય સાર્થવાહની નગરી અને રાજાનું નામ લખી ધન્ય સાર્થવાહનો પરિચય લખો. (૨×૨)

**જ. ચંપાનગરી. જિતશત્રુ રાજા. ધન્ય સાર્થવાહ અંગોપાંગથી પરિપૂર્ણ, ગુણસંપન્ન તથા અનેક લોકો માટે આદર્શભૂત હતા.**

૪. ધન્ય સાર્થવાહ કઈ નગરીમાં ગયા? તેનું વર્ણન કરો. ત્યાંના રાજા કોણ હતા? રાજાને કેવી ભેટ આપી?

**જ. ચંપાનગરીની ઉત્તર–પૂર્વ દિશામાં ધન–ધાન્ય આદિથી પરિપૂર્ણ સમૃદ્ધ અહિચ્છત્રા નગરી હતી ત્યાં ગયા. ત્યાંના રાજા કનકકેતુ હતા. બે હાથ જોડી, રાજાનું અભિવાદન કરીને જય–વિજયના શબ્દોથી વધાવીને અતિ મૂલ્યવાન વિવિધ પ્રકારની ભેટ આપી.**

**અથવા**

**પ્ર. ૪ જ્ઞાતાધર્મકથા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. આહાર કેવી રીતે કરવો જોઈએ? શા માટે? (૩×૨)

**જ. સિદ્ધ ગતિને પ્રાપ્ત કરવા માટે ગુરુની આજ્ઞાથી આહાર કરવો જોઈએ.આસક્તિથી નહિ. શરીરના વર્ણ,**

**ફળ કે રૂપની વૃદ્ધિ માટે નહિ, પરંતુ સંસારને પાર કરવા અને મોક્ષ પ્રાપ્ત કરવાના ઉદ્દેશથી જ ભાવિત્મા અને મહાસત્ત્વશાળી મુનિ આહાર કરે છે. ઔદારિક શરીર મોક્ષપ્રાપ્તિનું સાધન હોવાથી તેને ટકાવવા માટે જ આહાર કરવાનો છે,**

૨. સાર્થવાહે પુત્રોને શું કહ્યું? શેનો આહાર કર્યો?

**જ. પાણી વિના આપણે હવે રાજગૃહી નગરીમાં પહોંચી શકીએ એમ નથી, તેથી તમે મારો વધ કરી નાંખો. મારા માંસ અને રુધિરનો આહાર કરો. તેના અવલંબન દ્વારા તમે આ અટવી પાર કરી રાજગૃહી નગરીમાં પહોંચી શકશો. સુંસુમાના માંસ અને રુધિરને પકાવીને તેનો આહાર કર્યો.**

૩. ધન્ય સાર્થવાહે કોટવાળને શું કહ્યું? (૨×૨)

**જ. અમે તમારી સાથે સુંસુમા દીકરીને પાછી લેવા માટે જવા ઈચ્છીએ છીએ. જે ધન–કનક આદિ પાછું મળે તે તમે રાખજો અને સુંસુમા દીકરી મને પાછી સોંપજો.**

૪. સાર્થવાહે ચિલાત સાથે શું કર્યું?

**જ. ચિલાતને વારંવાર સમજાવ્યો, પણ તે ચોરી કરતા અટક્યો નહિ, સુધર્યો નહિ અને મારપીટ કરતો રહ્યો. છેલ્લે એક દિવસે ધન્ય સાર્થવાહે અત્યંત ગુસ્સાપૂર્વક તેને માર મારીને ઘરમાંથી કાઢી મૂક્યો.**

(૧૦)

**પ્ર. ૫ અંતગડ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. કૃષ્ણ વાસુદેવે દ્વારિકા નગરીમાં શું ઘોષણા કરાવી? (૪)

**જ. હે દેવાનુપ્રિય ! આ દ્વારિકા નગરીનો સુરા, અગ્નિ અને દ્વિપાયન ઋષિના ક્રોધથી નાશ થવાનો છે, તેથી જેની પણ ઈચ્છા હોય, પછી તે રાજા હોય, શ્રેષ્ઠી, રાણી, રાજકુમારી હોય, તલવર કે માંડલિક, કૌટુંબિક હોય, જેને પ્રભુ પાસે મુંડિત થઈ દીક્ષા ગ્રહણ કરવી હોય, તેને કૃષ્ણ વાસુદેવ સંયમ ગ્રહણ કરવાની આજ્ઞા આપે છે. તેમના આશ્રિત બધા કુટુંબીજનોની વ્યવસ્થા કૃષ્ણ વાસુદેવ યથાયોગ્ય રીતે કરશે અને તેમનો દીક્ષા મહોત્સવ પણ મહાન વૈભવ તથા ધામધૂમથી ઉજવશે.**

૨. વાસુદેવ શા માટે દીક્ષા લેતા નથી? કૃષ્ણ વાસુદેવે હાલમાં ક્યા છે? ભવિષ્યમાં શું થશે? (૨×૩)

**જ. વાસુદેવો નિયમા (નિશ્ચયથી) નિયાણકડા (નિદાનકૃત) હોય છે માટે. કૃષ્ણ વાસુદેવ હાલમાં વાલુકાપ્રભા નામની ત્રીજી પૃથ્વીમાં છે. ભવિષ્યમાં તેઓ અમમ નામના ૧૨ મા તીર્થંકર થશે.**

૩. પદ્માવતી આર્યાના ગુરુણી કોણ હતા? તેમણે શું શીખવ્યું? પદ્માવતી આર્યા હાલમાં ક્યાં છે?

**જ. યક્ષિણી આર્યા. તેઓએ પદ્માવતી આર્યાને ધર્મશિક્ષા આપી તથા સંયમપૂર્વક કેવી રીતે પ્રવૃત્તિ કરવી જોઈએ તે શીખડાવ્યું. તેઓ હાલમાં સિદ્ધ ગતિમાં છે.**

૪. કૃષ્ણ વાસુદેવે પદ્માવતી રાણીનો દીક્ષા મહોત્સવ કેવી રીતે ઉજવ્યો?

**જ. કૃષ્ણ વાસુદેવે પદ્માવતી રાણીને પાટ પર બેસાડ્યા. સુવર્ણ કળશાદિ ૮૬૪ કળશોથી મહાભિનિષ્ક્રમણ અભિષેક કર્યો. બધા અલંકારોથી વિભૂષિત કરી ૧૦૦૦ પુરુષો ઉપાડી શકે એવી શિબિકામાં બેસાડ્યા.**

**અથવા**

**પ્ર. ૫ નિરિયાવલિકા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. દિશાપ્રોક્ષિક તાપસી પ્રવ્રજ્યાનું વર્ણન કરો. (૩×૨)

**જ. દિશાપ્રોક્ષિક તાપસી પ્રવ્રજ્યામાં દિશાની પ્રમુખતાથી તેના અધિપતિ દેવોની પૂજા–ભક્તિ કરવામાં આવે છે. તેઓની આજ્ઞાથી તે દિશામાંથી યજ્ઞ સામગ્રી અને ખાદ્ય સામગ્રી ગ્રહણ કરવામાં આવે છે. ત્યારબાદ હવન યજ્ઞ કરી ખાદ્ય સામગ્રી પકાવવામાં આવે છે. પછી અતિથિને જમાડીને પોતે ભોજન ગ્રહણ કરે છે.**

૨. સોમિલ કઈ નગરીમાં રહેતા હતા? તેઓ કેવા હતા? કોના સમયમાં થયા હતા?

**જ. વારાણસી. તેઓ ધન–ધાન્ય આદિથી સમૃદ્ધ હતો તેમ જ ચાર વેદ, ઈતિહાસ, નિઘંટુ (કોશ) આદિ ષષ્ટાંગવિદ્ (છ અંગનો જાણકાર) હતો. તે ઉપરાંત અનેક શાસ્ત્રોમાં નિપુણ હતા. પુરુષાદાનીય અર્હત્ પાર્શ્વપ્રભુ પધાર્યા.**

૩. સોમિલ શ્રાવકના અધ્યયનની મહત્તા જણાવી આપણા માટે શું એકાંત હિતકર છે? (૨×૨)

**જ. સોમિલ શ્રાવકના અધ્યયનની મહત્તા સમ્યગ્દર્શન–શ્રદ્ધાની મહત્તા બતાવી છે. પ્રગટ થાય છે. સમ્યગ્દર્શન વિનાનું ચારિત્રપાલન સફળ થતું નથી. આપણે પણ આ વાત પર વિચાર કરી તેને આત્મસાત્ કરી આપણું જીવન તે પ્રમાણે બનાવવા પ્રયત્ન કરીએ.**

૪. સોમિલ શ્રાવક શુક્ર મહાગ્રહમાં કેમ ઉત્પન્ન થયા?

**જ. સોમિલ શ્રાવકે પૂર્વકૃત પાપસ્થાન (દુષ્પ્રવ્રજ્યારૂપ કરેલા પ્રમાદ) ની આલોચના અને પ્રતિક્રમણ કર્યા વિના સમ્યક્ત્વની વિરાધનાના કારણે, વ્રતભંગ અને તાપસી દીક્ષા સ્વીકાર કરવાના કારણે શુક્ર મહાગ્રહમાં ઉત્પન્ન થયા.**

(૧૫)

**પ્ર.૬ ઉત્તરાધ્યયન સૂત્રના આધારે જવાબ લખો.**

**(૧) નીચેની ગાથાઓ પૂર્ણ કરી ભાવાર્થ લખો.** (૯)

૧. કુસગ્ગે ...... **પાના નં. ૩૪ ગાથા ૨** ૨. અવઉજ્જિય ...... **પાના નં. ૪૨ ગાથા ૩૦**

**(૨) નીચેના શબ્દોના અર્થ લખો.** (૩)

૧. ફાસયા – **આચરણ કરનાર** ૨. સંખાઈયં – **સંખ્યાતીત અસંખ્ય** ૩. સારઈયં – **શરદઋતુમાં થનાર**

૪. ગમિત્તએ – **જવા માટે** ૫. ખેમં – **ઉપદ્રવ રહિત** ૬. સંસરઈ – **ભ્રમણ કરે છે**

**(૩) નીચેના શબ્દોના મૂળ પાઠ લખો.** (૩)

૧. થોડા સમયના – **ઈત્તરિયમ્મિ** ૨. પૂર્ણ શ્રદ્ધા – **વિસોહિયા** ૩. નાશ કરીને – **નાશ કરીને**

(૧૦)

**પ્ર. ૭ ભગવતી સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. વ્યાખ્યા લખો. અવસ્થિતિ, અવસ્થિત, અવક્તવ્ય સંચય, નિરુવચય–નિરવચયા. (૪×૨)

**જ. અવસ્થિતિ – જન્મ–મરણ ન થાય અથવા સમસંખ્યાએ જન્મ–મરણ થાય, તેથી સંખ્યા નિયત રહે.**
**અવસ્થિત – જીવોની સંખ્યા ન ઘટે ન વધે.**
**અવક્તવ્ય સંચય – નારકી આદિ ૨૪ દંડકમાં જ્યાં એક સમયમાં એક જીવ ઉત્પન્ન થાય છે.**
**નિરુવચય–નિરવચયા – જન્મ–મરણના અભાવમાં હાનિ–વૃદ્ધિ ન થાય. હાનિ કે વૃદ્ધિ નહિ.**

૨. દેવમાં અવસ્થિત કાળ કેટલો? શા માટે?

**જ. વિરહકાળથી બમણો એટલે ૨૪ મુહૂર્ત. દેવમાં ૧૨ મુહૂર્તનો વિરહકાળ તેટલા સમયમાં કોઈપણ જીવ ઉત્પન્ન થતા નથી કે મૃત્યુ પણ પામતા નથી. તે સમયે જીવ અવસ્થિત રહે છે. ત્યારપછી કેટલાક સમય સુધી જન્મ અને મૃત્યુ સમાન સંખ્યામાં થાય**

૩. હાથીમાં ક્ત સંચય આદિ કેટલા અને ક્યા ભાંગા? નિરુવચય–નિરવચયાની સ્થિતિ લખો. (૨)

**જ. ત્રણ ક્ત સંચય, અક્ત સંચય, અવક્તવ્ય સંચય. સજ્ઞી હાથીની નિરુવચય–નિરવચયાની સ્થિતિ જ. ૧ સમય ઉ. ૧૨ મુહૂર્ત. અસંજ્ઞી હાથીમાં જ. ૧ સમય ઉ. અંતર્મુહૂર્ત.**

(૧૦)

**પ્ર. ૮ પન્નવણા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. સૂક્ષ્મ–બાદર દ્વાર લખો.

**જ. સર્વથી સ્થૂળ ઔદારિક શરીરના પુદ્ગલ, તેથી વૈક્રિય શરીરના પુદ્ગલ સૂક્ષ્મ, તેથી આહારક શરીરના પુદ્ગલ સૂક્ષ્મ, તેથી તેજસ્ શરીરના પુદ્ગલ સૂક્ષ્મ, તેથી કાર્મણ શરીરના પુદ્ગલ સૂક્ષ્મ.**

૨. વૈક્રિય શરીરવાળા દંડકનો સંસ્થાન દ્વાર લખો.

**જ. દેવના ૧૩ દંડકમાં સમચતુરંસ્ર સંસ્થાન, ઉત્તર વૈક્રિયમાં છયે સંસ્થાન, નારકીના ૧ દંડકમાં હુંડ સંસ્થાન, ઉત્તર વૈક્રિયમાં પણ હુંડ સંસ્થાન, બાદર વાયુકાયના વૈક્રિયમાં ૧ હુંડ સંસ્થાન, મનુષ્ય અને તિર્યંચ પંચેન્દ્રિય ઉત્તર વૈક્રિય કરે તો છયે સંસ્થાન.**

૩. શરીર અને આહારક શરીરની વ્યાખ્યા લખો.

**જ. શરીર – જે ક્ષણે ક્ષણે ક્ષીણ થાય. જે આત્મ પ્રદેશોને અવગાહીને રહે તે.**
**આહારક શરીર – તે ૧૪ પૂર્વી સાધુને તપ આદિ લબ્ધિથી ઉત્તમ સ્ફટિક સમાન પુદ્ગલોને ગ્રહણ કરીને પોતાના આકાર જેવું દશ્ય અથવા અદશ્ય શરીર બનાવે.**

૪. ઔદારિક અને કાર્મણ શરીરનો સંયોજન દ્વાર લખો.

**જ. ઔદારિક શરીરમાં વૈક્રિય અને આહારક શરીરની ભજના અને તેજસ્ અને કાર્મણની નિયમા.**
**કાર્મણ શરીરમાં ઔદારિક, વૈક્રિય અને આહારકની ભજના અને તેજસ્‌ની નિયમા.**

૫. નિષ્કુટ ભાગમાં રહેલો વાયરો કેટલી દિશાનો આહાર કરે તે લખો. તેજસ્ શરીરનો વિષય, અવગાહના લખો.

**જ. ત્રણ, ચાર, પાંચ દિશાનો આહાર કરે. તેજસ્ શરીરનો વિષય સર્વલોકમાં જવાનો. અવગાહના જઘન્ય આંગુલનો અસંખ્યાતમો ભાગ ઉત્કૃષ્ટ સર્વલોક પ્રમાણે.**

(૧૦)

**પ્ર. ૯ માર્ગણા સમજણ સહિત લખો. (કોઠો બનાવીને લખો.)**

**જ.**

| માર્ગણા | ના. | તિ. | મનુ. | દેવ | સમજૂતી | કુલ ભેદ |
|---|---|---|---|---|---|---|
| ૧. અધોલોક ત્રસ ઔદારિકમાં | **0** | **૨૬** | **૩** | **0** | **તિર્યંચના ૪૮ માંથી ૨૨ એકેન્દ્રિય વર્જીને ૨૬, ૨ સંજ્ઞી મનુષ્ય, ૧ સંમૂચ્છિંમ મનુષ્યના અપર્યાપ્તા** | **૨૯** |
| ૨. ઊર્ધ્વલોક દેવીમાં | **0** | **0** | **0** | **૬** | **૧–૨ દેવલોક, ૧ લા કિલ્વિષીક દેવીના અપર્યાપ્તા અને પર્યાપ્તા** | **૬** |
| ૩. અધોલોક ગર્ભજમાં | **0** | **૧0** | **૨** | **0** | **૫ સંજ્ઞી તિર્યંચ પંચે., ૧ સંજ્ઞી મનુષ્ય એ ૬ ના અપર્યાપ્તા અને પર્યાપ્તા** | **૧૨** |
| ૪. સમ્યક્દ્દષ્ટિ ઘ્રાણેન્દ્રિય તિર્યંચમાં | **0** | **૧૭** | **0** | **0** | **તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય, ૫ અસંજ્ઞી તિર્યંચ પંચે. ૩ ૮ ના અપર્યાપ્તા, ૫ સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયના અપર્યાપ્તા અને પર્યાપ્તા એ ૧0 + ૭ = ૧૭** | **૧૭** |
| ૫. બે યોગવાળા તિર્યંચમાં | **0** | **૮** | **0** | **0** | **૩ વિકલેન્દ્રિય, ૫ અસંજ્ઞી તિર્યંચ પંચે.ના પર્યા.** | **૮** |

**જય જિનેન્દ્ર**